ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ફોડેલા સભ્યોને સહારે સત્તામાં તર્યા કરે છે!
છાપા મારીને કેસરીયાંનો ગર્વ કર્યા કરે છે!
મર્યા કરે છે પ્રજા મહામારીમાં, 'એ' છે નિશ્ચિંત
છે 'રાષ્ટ્ર'ના વડા પણ, પ્રચારમાં ફર્યા કરે છે!!

હાઈકુ

ભૂલ્યા વ્હાલપ!
ફરજ રાષ્ટ્ર પ્રત્યેની -
સત્તા લોલુપ -
(વડા પ્રચારક શ્રી)

વિકાસ 'સાપ'!
ચૂંટણી કરંડિયે -
પૂરાઈ ગયો?!
(મદારીઓ પ્રચારમાં)

### ચિંતન

*બ્રહ્મચર્યેણ તપસા દેવા મૃત્યુમપાદનત્ ।*
*ઈન્દ્રો હ બ્રહ્મચર્યેણ દેવેભ્યઃ સ્વ રાભરત્ ॥*

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

જે રીતે સૂર્ય ભગવાન પોતાના પ્રકાશથી અંધકાર દૂર કરીને ઉત્તમ પદાર્થો પ્રગટ કરે, તે રીતે મનુષ્ય બ્રહ્મચર્ય દ્વારા રોગ, આળસ, ગરીબાઈ વગેરેનો નાસ કરીને મોક્ષનું સુખ મેળવે.

અજ્ઞાનના અંધકારને દૂર કરીને દિવ્ય પ્રકાશ ફેલાવવો તેમાં જ માનવ જીવનની સાર્થકતા છે. એનો મુખ્ય આધાર બ્રહ્મચર્ય છે. એનાથી સતોગુણી ઋતંભરા બુદ્ધિનો વિકાસ થાય છે, જે તત્ત્વ અને અતત્ત્વનો, સત્ય અને અસત્યનો, શ્રેય અને અશ્રેયનો નિર્ણય કરવાની ક્ષમતા આપે છે. એ જ દિવ્યપ્રકાશમાં એ વિચાર કરવો સરળ બની જાય છે અને શું ન કરવું જોઈએ.

જે બ્રહ્મચર્યનું પાલન કરે છે તેના મનમાં અપરિગ્રહ, પરમાર્થ, સેવા, ત્યાગ, સહિષ્ણુતા, દયા, સહાનુભૂતિ, મૈત્રી, કરુણા, નમ્રતા, ધર્મ, શ્રદ્ધા વગેરેની ભાવના જાગૃત થાય છે.

### સુવિચાર

- જયારે તમે તમારા કામને પસંદ કરતા હો તો દરેક દિવસ રજાનો હોય તેવું લાગે છે - **જેફ ટેફની**
- જે મજબૂત છે તેમણે જે કરવું હોય તે જ કરે છે અને
  જે નબળા હોય તેમને જે માનવું હોય તે જ માને છે - **યુરિપિડિસ**
- સત્યની શોધમાં માણસ કેટલા ઓછા કષ્ટ ઊઠાવે છે! જે સરળતાથી મળી જાય તે જ સ્વીકારી લે છે - **ઓશો**
- હું હરિનો, હરિ જ છે મમ રક્ષક, એ ભરોસો જાય નહીં,
  જે હરિ કરશે એ મમ હિતનું, એ નિશ્ચિત બદલાય નહીં - **સૂર્યકાન્ત દેસાઈ**
- આપણએ સારું શોધીએ છીએ કે ખરાબ, એમાં બહુ તકેદારી રાખવાની હોય છે,
  કારણ કે છેલ્લે તો આપણે જે શોધતાં હોઈએ છીએ એ જ આપણને મળી જતું હોય છે - **અભિયાન**
- ખુશી આઝાદી પર અને આઝાદી બહાદુરી પર નિર્ભર છે- **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : જીરા પાઉડરમાં તુલસીના માંજર એક ગ્રામ સવાર-સાંજ હુંફાળા પાણી સાથે લેવાથી સૂકી ઊધરસમાં રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સંસારમાં રઈ સન્યાસી જીવન જીવતા રામાસ્વામીને ચાલીશને વર્ષે હાર્ટ એટેક આવ્યો અને સ્વર્ગે સિધાવ્યા. યુવાન પત્ની અને બાર વર્ષનો છોકરો ખૂબ રોઈ રહ્યા હતા. પત્નીને સાંત્વના આપવા ઘણા સગાવહાલાંઓએ પ્રયત્ન કર્યા પણ તે અંતિમવિધિ કરવા દેવા તૈયાર જ ન હતી. એ સમયે એણના આધ્યાત્મિક ગુરુ આવ્યા. એમણે રામાસ્વામીના પત્નીને સમજાવ્યા પણ તેઓ માનવતા તૈયાર જ ન હતા. ગુરુએ એક પાણી ભરેલો પ્યાલો મૃતદેહની બાજુમાં મૂક્યો અને કહ્યું, 'કુટુંબમાંથી કોઈ એક વ્યક્તિ આગળ આવે. અને આ પાણી પીવે. તે પાણી પીનાર વ્યક્તિનું મૃત્યુ થશે અને એના જીવનના બાકીના વર્ષો રામાસ્વામીને મળશે અને રામાસ્વામી સજીવન થશે.' કુટુંબના સભ્યો સૌ આઘાપાછા થવા લાગ્યા. ગુરુએ વૃદ્ધ પિતા સામે જોયું તો પિતાએ કહ્યું, 'રામના માતા તરફ હજી મારી જવાબદારી બાકી છે તેઓ એ આખી જિંદગી મારી દેખભાળ કરી છે, હવે એણની વૃદ્ધાવસ્થામાં મારે એમની સાર સંભાળ લેવી છે.' ગુરુએ માતા સામે જોયું, માતા બોલ્યા, 'આમ તો મને પાણી પીવામાં વાંધો નથી. પણ મારી દીકરીને સુવાવડ આવવાની છે. હું હોઉં તો એનું કોણ કરશે? ગુરુએ યુવાન વિધવા પત્ની તરફ જોયું.' પત્ની બોલ્યા, 'આ બાર વર્ષના બાળકની જવાબદારી મારે એકલીએ ઉઠાવવાની છે.' ગુરુએ બાર વર્ષના પુત્ર તરફજોયું, ત્યાં એના માતા બોલ્યા, 'આ બાળકે જગતમાં કંઈ જોયું નથી. ભોગવ્યું નથી, એણે તો જીવવું જ જોઈએ.'

ગુરુએ કહ્યં, 'એમ લાગે છે કે આ સૌ આપણા વિશ્વ માટે જરૂરી છો. માત્ર રામાસ્વામીને જ ફાજલ પાડી શકાય તેમ હતા. આથી ભગવાને જે કંઈ કર્યું છે તે ઠીક જ કર્યું છે.' રોક્કળ બંધ થઈ અને અંતિમ ક્રિયાની વિધીઓ ચાલુ થઈ.

# વિપક્ષોને એક કરે એવા વ્યક્તિત્વનો અભાવ

**તંત્રીસ્થાનેથી...**

પોતાના મતવિસ્તારમાં કેમ્પ કરીને બેઠેલાં પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ ચૂંટણી પ્રચારની પૂર્ણાહૂતિ કરતાં દેશનાં ભાજપ વિરોધી પરિબળોને એક મંચ પર આવવા દર્દભરી અપીલ કરી છે. મમતા બેનરજી માટે આ ચૂંટણી એમની રાજકીય કારકિર્દીનું યાદગાર સીમાચિહ્ન બની રહેવાની છે એમાં શંકાને સ્થાન નથી. તેઓ જીતશે તો પણ સરકાર બનાવી શકશે કે કેમ તે પ્રશ્ન છે. શરૂથી જ કેન્દ્ર સામે શિંગડાં ભરાવતાં રહેતાં દીદીને એમના મતવિસ્તારમાં જ હરાવી દેવાની નેમ સાથે ભારતીય જનતા પાર્ટીએ બધા જ દાવ અજમાવી દીધા છે. અનિચ્છાએ પણ મમતા બેનરજીને પોતે શાંડિલ્ય ગોત્રનાં બ્રાહ્મણ મહિલા હોવાની જાહેરાત કરવી પડી છે. ચૂંટણી પ્રચારની સભાના મંચ પર ચંડીપાઠ અને નજીકના શિવાલયમાં અભિષેક કરી એમને ભાજપના 'જય શ્રી રામ' ના બ્રહ્માસ્ત્ર સામે હિંદુત્વની જ ઢાલ ધરવી પડી છે. મમતાએ વિપક્ષોને કરેલ અપીલ એવા સમયે આવી છે જયારે મમતાનું પોતાનું સિંહાસન હાલકડોલક થઈ રહ્યું છે. રણચંડીની જેમ ભાંગેલા- પ્લાસ્ટરવાળા પગે વ્હીલર ચૅર પર પોતાનો અને પાર્ટીના અન્ય ઉમેદવારોના મત વિસ્તારો ઘમરોળી મમતાએ એક ઝુઝારુ ભારતીય નારીનું યાદગાર ઉદાહરણ રજૂ કર્યું છે.

પરંતુ પ્રશ્ન થાય કે શું એમની વિપક્ષી એકતાની અપીલને પ્રતિસાદ સાંપડશે ખરો? એમણે ભાજપ વિરોધી પાર્ટીઓ જોગ અપીલ કરી છે પરંતુ ભાજપથી બિલકુલ સામા છેડાની વિચારધારા ધરાવતા ડાબેરી પક્ષોને એમાંથી બાકાત રાખ્યા છે! એનું કારણ એ છે કે પશ્ચિમ બંગાળમાં સળંગ ત્રણ દાયકા કરતાં વધારે લાંબુ શાસન કરનારા અને તત્કાલીન વિપક્ષોએ એમને સિનિયોરિટીના દાવે વડાપ્રધાનપદું આપવાની તૈયારી દર્શાવેલ હોવા છતાં પાર્ટીના આદેશને માન આપી એ ઑફર નકારાનારા જયોતિ બસુ જેવા પ્રખર નેતાના પ્રભાવમાંથી મમતા બેનરજીએ એકતલા હાથે બંગાળને મુક્ત કરાવ્યું હતું. ડાબેરીઓનો એ આતંક હવે મમતાના કાર્યકર્તાઓના આતંક સ્વરુપે ફેલાયો છે. એથી પ્રજાને કેન્દ્રમાં શાસન કરતી હિંદુત્વવાદી પાર્ટીને સમર્થન આપવામાં ઔચિત્ય વરતાવા લાગ્યું છે. વિપક્ષી એકતા માટેની અપીલ કરવા માટે પણ કોઈ કદાવર અને બિન વિવાદાસ્પદ નેતા જોઈએ. મમતા ઝુઝારુ જરૂર છે પણ કદાવર નથી. ઈંદિરા ગાંધી વિરુદ્ધ વિચારધારાને બાજુએ મૂકીને સંસ્થા કોંગ્રે, લોકદળ, જનસંઘ, કોંગ્રેસમાંથી છૂટા પડેલા જગજીવન રામ, હેમવતીનંદન બહુગુણા અને ડાબેરીઓ એક મંચ પર આવ્યા હતા. પરિણામ પણ મળ્યું હતું. નરેન્દ્ર મોદી સામે ઝીંખ ઝીલે એવા કોઈ નેતા આજના વિપક્ષો પાસે નથી. ઈંદિરા ગાંધીને ધૂળ ચટાડે એવા મોરારજી દેસાઈ,ચરણસિંહ, જગજીવનરામ અને અટલ બિહારી વાજપેયી જેવા નેતાઓ ત્યારે એક સાથે આવ્યા હતા. વળી એ બધાને એક સૂત્રમાં બાંધનાર નિઃસ્વાર્થ અને ઈમાનદાર લોકનાયક જયપ્રકાશ નારાયણ જેવું પ્રચંડ વ્યક્તિત્વ હતું. કટોકટીના મુદ્દે લોકશાહી ભયમાં મુકાયેલી હતી. આજે એવું નકારાત્મક વાતાવરણ નથી. અલબત્ત, લઘુમતી સમુદાયોમાં વ્યાપક અસંતોષ જરૂર છે, પણ સામે પક્ષે હિંદુત્વનું જબરદસ્ત મોજું છે. મમતા દીદી સામે પણ આ મોજું જ ભયજનક પરિસ્થિતિ પેદા કરી રહ્યું છે. વિપક્ષી એકતા અવશ્ય જરૂરી છે, પરંતુ એ માટે જરૂરી એવું નેતૃત્વ કોણ પૂરું પાડશે? કયાં છે પેલો ઓલિયો લોકનાયક જેની એક જ હાકલ પર બધા ધુરંધરો મતભેદ ભૂલીને 'સિંહાસન ખાલી કરો કે અબ જનતા આતી હૈ' - વાળું સૂત્ર પોકારી ઊઠતા હતા?

# ॥ કાવ્યેષુ નાટકં રમ્યમ્ ॥



**અમર વારસો**

ડૉ. રશ્મિકાન્ત મહેતા

૨૭મી માર્ચ એટલે 'વિશ્વરંગભૂમિ દિન' - રંગમંચ અને એના ઉપર રજૂ થતા નાટકનો દિવસ.

સંસ્કૃતમાં એક ઉક્તિ પ્રસિદ્ધ છે : (૧) સાહિત્યનાં બધાં સ્વરુપોમાં નાટક વધુ સારું છે. (૨) બધા નાટકોમાં 'શાંકુતલ' વધુ સારું છે. (૩) તેમાં પણ ચોથો અંક વધુ સારો છે.(૪) આમાં પણ ચાર શ્લોક વધુ સારા છે.

મહાકવિ કાલિદાસે (ઈ.સ. ૫૬) 'અભિજ્ઞાન શાંકુતલ' ની રચના સાત અંકમાં કરી છે. આ નાટકને વિશ્વવ્યાપી પ્રસિદ્ધિ મળી છે. સંસ્કૃતમાંથી અંગ્રેજીમાં અનુવાદ સૌ પ્રથમવાર થયો હોય, તો આ બે ગ્રંથ છે.

(૧) ઈ.સ. ૧૭૮૫માં ચાર્લ્સ વિલ્કીન્સે કરેલો 'ભગવદ્ગીતા'નો અનુવાદ (૨) ઈ.સ. ૧૭૮૯માં સર વિલિયમ જોન્સે કરેલો 'શાંકુતલ'નો અનુવાદ. જર્મન કવિ ગોએથેએ આ અનુવાદ વાંચ્યો. પછી ઈ.સ. ૧૭૯૧માં આને માટે પ્રશસ્તિકાવ્ય રચ્યું. 'હે શાંકુતલ! સ્વર્ગ અને પૃથ્વીનું સૌંદર્ય જયાં, એક જ સ્થળે ગૂંથાયું હોય; તો એ તારામાં છે.'

ચોથા અંકમાં કન્યા વિદાયનો પ્રસંગ છે. આશ્રમના કુલપતિ કણ્વ પોતાની પાલકપુત્રી શંકુતલાને, સાસરે વિદાય આપી રહ્યા છે. કવિવર ટાગોરે આ અંક માટે લખ્યું - 'ઉપવન અને મનુષ્યનો વિયોગ આટલો મર્મભેદી કરુણ બની શકે છે; તે જગતના સમગ્ર સાહિત્યમાં આ ચોથા અંકમાં જણાઈ આવે છે.'

મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીનો સમશ્લોકી અનુવાદ ઈ.સ. ૧૯૫૫માં પ્રકાશિત થયો છે.

સૌથી સારા ચાર શ્લોક આ પ્રમાણે હોઈ શકે :

(૧) ઋષિ કહે છે - 'આજે શકુન્તલા જશે' આ વિચારે, મારું હૃદય વેદનાથી ભરાયેલું છે. આંસુને રોકવાને કારણે. મારો કંઠ રુંધાય છે. ચિંતાને કારણે, મારી દૃષ્ટિ જડ થઈ ગઈ છે. પુત્રીસ્નેહને કારણે, મારી જેવા વનવાસીની પણ આવી વ્યાકુળ દશા હોય, તો જેને પુત્રીવિયોગનું દુઃખ તાજું હોય, એવા ગૃહસ્થીઓને કેટલી પીડા થતી હશે?'

(૨) ઉપવનનાં વૃક્ષોને ઋષિ વિનંતી કરે છે - 'તમે જયાં સુધી પાણી ન પીધું હોય ત્યાં સુધી તમારી પહેલાં, એ પાણી પીવાનો પ્રયાસ પણ કરતી નથી. એને શણગાર પ્રિય છે, પરંતુ તમારા તરફના સ્નેહને કારણે એ કૂંપળ પણ ચૂંટતી નથી. તમને જયારે પહેલી વાર ફૂલ આવે, ત્યારે એ ઉત્સવ માવે છે. આવી આ શકુંતલા સાસરે જાય છે. તમે સૌ એને રજા આપો.'

(૩) તપોવનમાં શોક પથરાયેલો છે. શકુંતલાની સખી પ્રિયંવદા કહે છે - 'હરણો મોઢામાં લીધેલો દર્ભનો કોળિયો કાઢી નાખે છે. મયૂરો નાચવાનું છોડી દે છે લતાઓ આંસુ સારતી હોય એ રીતે, પીળાં પાંદડાં ખેરવે છે.'

(૪) ઋષિ દીકરી શકુંતલાને સલાહ આપે છે. - 'તું વડીલોની સેવા કરજે. તારી સમપ્નીઓને પ્રિય સખીની જેમ રાખજે, જો પતિ રોષને કારણે, તારું અપમાન કરે તો એ જ વખતે સામે થતી નહીં. સેવકો તરફ ખૂબ માયાળુ રહેજે. ભાગ્ય સારું હોય, તો એનાથી છકી ન જતી. આમ હોય તો જ. યુવતીઓ 'ગૃહિણી'નું સ્થાન પામે છે. જો એ આમ ન વરતે, તો કુટુંબમાં આફતરુપ બની જાય છે.'

ઉમાશંકર જોશીનો અનુવાદ છે -
'સેવી રહે વડીલો, થશે સખી સર્વે સમત્ની તણી.
ભર્તાથી અપમાન પામી પમ ના સાચી થશે રોષથી;
હો માયાળું જ સેવકોથી, ન જતી ભાગ્યે છકી. એમ સૌ.
પહોંચે છે ગૃહિણી પદે યુવતીઓ; બીજી પ્રજાળે કુળ.'

પ્રસિદ્ધ સૂક્તિમાં આટલું જ કહ્યું છે - 'ચાર શ્લોક વધુ સારા છે.' કોને ચાર ગણવા. એ વાચકની વિવેકબુદ્ધિ ઉપર છોડ્યું છે.

# એલીસા ટેસ્ટ કયા રોગના પરીક્ષણ માટે થાય છે?



**ખજાનો**

અનિલ પટેલ

## વિજ્ઞાન જગત

૧ કયા રોગની ગંભીર સ્થિતિમાં દર્દીને 'સનેપાત' થઈ જાય છે?
(અ) ટાઈફોઈડ (બ) ટીબી
(ક) એઈડઝ (ડ) કેન્સર

૨ પ્લાઝમોડિયમ વાયવેક્સ નામના સુક્ષ્મજીવથી કયો રોગ થાય છે ?
(અ) શીતળા (બ) કોલેરા
(ક) મેલેરિયા (ડ) કોવિડ

૩ વિદ્યુત પ્રવાહનો એકમ શું છે?
(અ) વોલ્ટ (બ) વોટ
(ક) હર્ટઝ (ડ) એમ્પિયર

૪ કયુ પક્ષી તરી શકે છે પણ ઉડી શકતું નથી ?
(અ) પેંગ્વિન (બ) શાહમૃગ
(ક) ઈમુ (ડ) સ્વાન

૫ સૌરમંડળનો સૌથી નાનો ઉપગ્રહ કયો છે ?
(અ) ચંદ્ર (બ) ટાઈટન
(ક) ખોબાસ (ડ) ડીમોસ

૬ એક્સ-રની શોધ કયા વૈજ્ઞાનિકે કરી હતી ?
(અ) મેડમ ક્યુરી (બ) વિલિયમ કે. રોન્ટજન
(ક) રોબર્ટ બોઈમ (ડ) રોબર્ટ હૂક

૭ ખાટા ફળોમાં સૌથી વધુ કયું વિટામીન હોય છે ?
(અ) વિટામીન - એ (બ) વિટામીન - બી
(ક) વિટામીન - સી (ડ) વિટામીન - ડી

૮ કયા રોગના ઉપચાર માટે ઈન્સ્યુલીન વપરાય છે?
(અ) ડાયાબિટીસ (બ) ક્ષય
(ક) એનિમિયા (ડ) મલેરિયા

૯ કયા દેશમાં ખારા પાણીનો વરસાદ પડે છે ?
(અ) પનામા (બ) ચિલી
(ક) વેનેઝુએલા (ડ) બ્રાઝીલ

૧૦ એલીસા ટેસ્ટ કયા રોગના પરીક્ષણ માટે થાય છે?
(અ) એનીમીયા (બ) કોવિડ-૧૯
(ક) શીતળા (ડ) એઈડ્સ

૧૧ વિલ્સન નામનો રોગ શરીરમાં કયા તત્વની અધિકમાત્રાથી થાય છે?
(અ) લોહ (બ) મર્ક્યુરી
(ક) કૉપર (ડ) કેલ્શિયમ

૧૨ સોડા વોટર બનાવવા કયા વાયુનો ઉપયોગ થાય છે ?
(અ) એમોનિયા (બ) ઓક્સિજન
(ક) ક્લોરીન (ડ) કાર્બન ડાયોકસાઈડ

૧૩ નીચેનામાંથી કઈ વનસ્પતિનો સમાવેશ ઘાસના એક પ્રકાર તરીકે થાય છે ?
(અ) નીલગીરી (બ) કોર્નોકોર્પસ
(ક) વાંસ (ડ) આસોપાલવ

૧૪ કાંસુ કઈ બે ધાતુઓના મિશ્રણથી બને છે?
(અ) કોપર અને ટીન (બ) કોપર - એલ્યુમિનિયમ
(ક) કોપર - આયર્ન (ડ) કોપર - લેડ

૧૫ ટૂથપેસ્ટ બનાવવામાં શાનો ઉપયોગ થાય છે?
(અ) કેલ્શિયમ કાર્બોનેટ (બ) કેલ્શિયમ ફોસ્ફેટ
(ક) એમોનિયમ કલોરાઈડ (ડ) કેલ્શિયમ નાઈટ્રેટ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૨ માર્ચ :
  - રોમન કેથોલિક ચર્ચના પોપ જહોન પોલ-૨નું નિધન (૨૦૦૫)
  - ટેલિગ્રાફના શોધક સેમ્યુઅલ મોર્સનું નિધન (૧૮૭૨)
  - કોમેડી નાઈટસ વિથ કપીલ શોના સંચાલક કપિલ શર્માનો જન્મદિવસ (૧૯૮૧)
  - ક્રિકેટર અને રાજકારણી એવા પૂર્ મહારાજ ફતેહસિંહનો જન્મદિવસ (૧૯૩૦)
- ૩ એપ્રિલ :
  - બહુમાળી ઈમારતોના સર્જક અમેરિકન એન્જીનીયર મૂળે ભારતીય એવા ફઘઝુર આર ખાનનો જન્મદિવસ (૧૯૨૯)
  - સાહિત્યકાર અને ઈતિહાસકાર શંભુપ્રસાદ દેસાઈનું નિધન (૨૦૦૪)
  - કમલાદેવી ચટ્ટોપાધ્યાયની જન્મજયંતિ (૧૯૦૩)
  - ક્વોડ્રન લીડર રાકેશ શર્મા અંતરીક્ષયાત્રા કરનાર પ્રથમ ભારતીય બન્યા (૧૯૮૪)
- ૪ એપ્રિલ : સાગર દિન (વહાણવટા દિવસ)
  - છત્રપતિ શિવાજી મહારાજની પુણ્યતિથિ (૧૬૮૦)
  - જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા સચ્ચિદાનંદ અજ્ઞેયજીનું અવસાન (૧૯૮૭)
  - બિલ ગેટ અને પૌલ એલને માઈક્રોસોફ્ટ કંપનીની શરુઆત કરી (૧૯૭૫)
  - સાહિત્યકાર - કવિ મનોહર ત્રિવેદીનો જન્મદિવસ (૧૯૪૪)
- ૫ એપ્રિલ :
  - પ્રથમ ભૂમિગત ડ્રાઈવર લેસ ટ્રેન લંડનમાં દોડાવવામાં આવી (૧૯૬૪)
  - ઈવેન્ટ ડીસ્કવરી પાર્ટલ ઓલ ઈવેન્ટ્સ આઈટી કંપનીનો સ્થાપના દિવસ (૨૦૧૧)
  - અભિનેત્રી દિવ્યા ભારતીનું અવસાન (૧૯૯૩)
  - વિશ્વનો સૌથી મોટો સસ્પેન્શન બ્રીજ ખુલ્લો મુકવામાં આવ્યો (૧૯૯૮)
- ૬ એપ્રિલ :
  - 'આંધી' ફિલ્મના અભિનય માટે પ્રસિદ્ધિ મેળવનાર સુચિત્રા સેનનો જન્મદિવસ (૧૯૩૧)
  - સાહિત્યકાર પન્નાલાલ પટેલનું અવસાન (૧૯૮૯)
  - ઈટાલીના લા-ક્યુઈલા શહેરમાં આવેલ ભયાનક ધરતીકંપમાં ૩૦૦ લોકોએ જીવ ગુમાવ્યા (૨૦૦૯)
  - પ્રથમ વિશ્વયુદ્ધમાં અમેરિકાએ જર્મની સામે યુદ્ધ ઘોષિત કર્યું (૧૯૧૭)
- ૭ એપ્રિલ : વિશ્વ આરોગ્ય દિવસ
  - અમેરિકન પ્રોફેશનલ ગોલ્ફ માસ્ટર જેક નિકુલાસે ૨૩ વર્ષની ઉંમરે માસ્ટર ટુર્નામેન્ટ જીતી (૧૯૬૩)
  - ભારતીય સંગીત શાસ્ત્રી રવિશંકર નો જન્મદિવસ (૧૯૨૦)
  - રશિયાએ અફઘાનિસ્તાનમાંથી સૈન્ય પાછું ખેંચવાની જાહેરાત કરી (૧૯૮૮)
  - પ્રસિદ્ધ અમેરિકન ટેલિવિઝન પત્રકાર માઈક વોલેસનું ૯૩ વર્ષની વયે નિધન (૨૦૧૨)
- ૮ એપ્રિલ :
  - પ્રખર વિવેચક યશવંત શુક્લાનો જન્મદિવસ (૧૯૧૫)
  - અમેરિકા અને રશિયાએ નવી ઐતિહાસિક પરમાણું હથિયાર નિયંત્રણ સંધિ પર હસ્તાક્ષર કર્યા (૨૦૧૦)
  - યુનાઈટેડ નેશનના પૂર્વ જનરલ સેક્રેટરી કોફી અન્નાનનો જન્મદિવસ (૧૯૩૮)
  - બ્રિટીશ પોલીટિશનય માર્ગારેટ થેચરનું અવસાન (૨૦૧૩)

### ગયા સપ્તાહના સવાલનો જવાબ

મુંબઈ પોલીસ કમિશનર તરીકે જેમને હટાવવામાં આવ્યા, અને જેઓ આજકાલ ખુબ વિવાદમાં છે તેમનું નામ શું? જવાબ : પરમવીર સિંહ

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૪) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો.જુ.સા.કૉલેજ (૫) મહેશ જાદવ : ગૂ. વિદ્યાપીઠ, અમદાવાદ (૬) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૭) શિવાંગ બી પટેલ : સરગાસણ (૮) મીત પી પટેલ : સે-૨૩ (૯) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૧૦) વિજય કે બારોટ : સે-૮

### આ સપ્તાહનો સવાલ

તાજેતરમાં કઈ પ્રસિદ્ધ કેનાલમાં જહાજ ફસાઈ જતા ટ્રાફિક જામ થયો હતો?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# વાતોનો વિષય : વેક્સિન ?



**હળવે હૈયે**

પ્રકાશ લાલા

'અમે જમ્યા... તમે જમ્યા ? કયાંક લગ્નપ્રસંગમાં કે ભોજન સમારંભમાં મળનારા પરિચિતો પરસ્પર આ પૃચ્છા કરતા હોય છે... તો રોજ ચાની લારીએ મળનારા મિત્રો પણ એકબીજાને પૂછતા હોય છે : 'અમે પીધી તમે પીધી ?'

જો કે આજકાલ સાંભળવા મળે છે : 'અમે લીધી... તમે લીધી ?' હા... હા... કોરોનાની વેક્સિન સ્તો ! કોરોના સામેની લડાઈમાં હાલ જોરશોરથી 'વેકસીનેશન' અભિયાન ચાલી રહ્યું છે.... કોરોના વોરિયર્સ બાદ એ હવે સિનિયર સિટીઝન્સને વેક્સિન અપાઈ રહી છે ત્યારે આજકાલ વડીલો - વયસ્કોનો વાતોનો એક મુદ્દો 'રસીકરણ' હોય તે અતિ સ્વાભાવિક છે... અને આ મુદ્દા પરની વાતચીતનો પ્રારંભ પણ નેચરલ 'અમે લીધી... તમે લીધી...? થી જ થાય ને...?'

આ વાત કરતાં અમને, સિનેમા અને સિનેમા થિયેટર્સનો જમાનો હતો એવા અમારા કૉલેજના દિવસોની યાદ આવી જાય છે... એ સમયમાં પિકચરના શોખિન અમે 'બાપનું નામ રાખવા'માં માનનારા એવા ભડવીરો હતા કે પિકચર જોયું ?' તો કોલર ઊંચા કરી, છાતી ફુલાવીને કહેતા 'અત્યાર સુધી હોતું હશે ?' ફર્સ્ટ ડે, ફર્સ્ટ શૉમાં જ જોઈ નાંખ્યું... બંદાને બધાં પિકચર એમ જ જોવાનાં ફાવે, હોં !!' ત્યારે સિનેમા જોનારો એક એવો વર્ગ હતો કે જે સિનેમાના જોરદાર શોખને લીધે ને કંઈક બીજાઓ ઉપર વટ છાંટવાના હેતુથી, કોઈ પણ પિકચર એની રિલીઝના પહેલા દિવસે જ (શુક્રવારે) 'ફર્સ્ટ શૉ' માં જોઈ પાડયા વિના એમને ચેન ન પડતું. બીજા કેટલાક નિરાંતવાળા સિનેમા પ્રેમીઓ ય હતા, જે પહેલા - બીજા વીકમાં એ જોવાનો પ્રોગ્રામ કરતા... જયારે અમારા જેવા તો પિકચર જોઈ આવેલાના અભિપ્રાય પૂછી, ફિલ્મી મેગેઝીન્સમાં એના રિવ્યુ વાંચ્યા પછી, યોગ્ય લાગે તો જ એ પિકચર જોતા...

હાલ 'વેક્સિન' લેનારામાં પણ અમને આ ત્રણ પ્રકારની પ્રકૃતિવાળાનાં દર્શન થયાં....

પહેલી માર્ચે, ૬૦+ ને 'વેક્સિનેશન' શરૂ થયું કે 'ફર્સ્ટ ડે, ફર્સ્ટ હાફ' (સવારના સેશન)માં જ ટીકાકરણ કરાવી દેનારા, બે-ચાર કે એકાદ સપ્તાહ પછી 'ફર્સ્ટ ડૉઝ' લેનારા થોડા નિરાંત જીવના અને ત્રીજા એવા કે 'બીજાને લઈ લેવા દો રસી, એમને શું આડઅસર થાય છે?' શી તકલીફ પડે છે ?' વગેરેની પડપૂછ સર્વે કર્યા પછી જ એટલે કે 'તેલ જુઓ, તેલની ધાર જુઓ'ની નીતિ પર ચાલનાર છે! જે હજીય 'કાલે... કાલે રસી લઈ જ લેવી છે...' કરતાં રાહ જોઈ રહ્યા છે. એમને કોણ સમજાવે કે વેક્સિન લેનાર દરેકને એક સરખી - બીબાઢાળ - આફટર ઈફેકટસ કે રીએકશનન્સ નથી થતી. દરેકને પોતાના શરીર, પ્રકૃતિ, પ્રતિકાર શક્તિ પ્રમાણેની અલગ અલગ અસર થઈ શકે છે.... એટલે તમે કેટલીય પડપૂછ કરી હશે કે ગમે એવો પાકો સર્વે કર્યા પછી 'વેક્સિન' લેશો તોય તમને જે થવાનું હશે તે થવાનું છે... આમાં તો 'આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય' જેવું છે - બીજાના અનુભવ કામ નથી આવવાના !

અને પાછું વેક્સિન લેનારામાંથી પ્રતિભાવ આપનારા ય બે જાતના હોવાના. એક સહેજ તકલીફને ચઢાવી - બઢાવીને કહેનારા હશે તો બીજા એને ન ગણકારતાં, 'ના... રે, કાંઈ થતું નથી' કહેનારા પણ હશે.

કૉલેજકાળમાં વહેલા વહેલા ને પહેલાં પહેલાં પિકચર જોઈ આવનારા ઘણા મિત્રો કે જે સાવ બંડલ પિકચર માટે ય 'ટોપ છે, જોઈ જ આવ... મજા આવશે.' કહી 'મારા પૈસા પડી ગયા તો તારા ય શું કામ ના બગાડું' વાળા કયાં નહોતાં ?

'વેક્સિનેટેડ' વડીલોની વાતોમાં એકે મજાકમાં કહ્યું કે, 'ઘણાને એમ છે કે 'આપણે છેક હેલ્થ સેન્ટર - દવાખાના સુધી શું કામ લાંબા થવું? સરકાર વહેલાં મોડા પોલિયોનાં ટીપાંની માફક ઘેર ઘેર રસી માટે આવશે ત્યારે લઈશું. શી ઉતાવળ છે?'

બીજા વડીલે મમરો મૂકયો : 'ના, ના... આવા ટાઢા કોઠાના લોકોને કદાચ એમ હશે કે ગરજ સરકારને છે તે જતે દહાડે મંદિરોના ઝાંપે, માર્કેટમાં તંબુ તાણીને હેલ્થ વર્કર્સને 'ટીકાકરણ' માટે ઊભા રાખશે ત્યારે જતાં આવતાં 'એક પંથ દો કાજ' કરતા આવશું...'

આ વિચાર પર ત્રીજા વડીલે ચિંતા વ્યકત કરી કે 'પણ ભાઈ, પછી સરકાર ચાર્જેબલ બોઝીઝ પર - પૈસા લઈને રસી આપવાનું નક્કી કરી દેશે તો ?'

'તો આ લોકો તે ચાર્જ રીએમ્બર્સ કરાવવા માટે આંદોલન કરશે... બીજું શું ?'

વધુ ભણેલાં, વધુ બુદ્ધિશાળી માણસો આવી ગણતરીઓ માંડીને મુકી શકે... પણ સમજવાનું એ છે કે 'કોરોના' મોકલીને કુદરતે કાળા માથાનો માનવીની બધી ગણતરીઓ ઊંધી પાડી દીધી છે ત્યારે હવે એ બધી ચાલાકી રહેવા દઈ, ઝટપટ 'રસી' લઈ લેવામાં જ ડહાપણ છે...